# મોડાસાના પદયાત્રી સંઘને રાજસ્થાનમાં અકસ્માત : બેના મોત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળ યોગીકૃપા હાઈસ્કૂલથી બ્રહ્મલીન મહંત ચંદુનાથજી પ્રેરીત ૩૧મી પદયાત્રા મોડાસાથી રામદેવરા(રણુજા) જવા જન્માષ્ટમીએ પ્રસ્થાન કર્યું હતું. સતત પદયાત્રીઓ ભજન કિર્તન સાથે રાજસ્થાનના શીરોહી-પાલી માર્ગ પરથી પસાર થતા હતા ત્યારે ટ્રકની અડફેટે બે પદયાત્રીઓના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. અન્ય એક પદયાત્રી ઈજાગ્રસ્ત બનતાં અરવલ્લી જિલ્લામાં અને પદયાત્રાળુઓમાં શોકની લાગણી ફેલાઈ હતી.

આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસાના બ્રહ્મલીન મહંત ચંદુનાથજી પ્રેરિત ૩૧ પદયાત્રા મહંત ધર્મેન્દ્રનાથજી યોગી તથા મહંત જશવંતનાથજી યોગીના સાનિધ્યમાં જન્માષ્ઠમીના મહાપર્વના દિવસે મોડાસાથી રામદેવરા (રણુજા) ૮૦૦ કિ.મી. અંતરની પદયાત્રામાં ૧૧૧ ફૂટની ધજા સાથે ૧ હજારથી વધુ રામદેવભક્તો અને પદયાત્રીઓએ અલખધણી બાબા રામદેવજીના દિવ્ય દર્શન કરવા પ્રસ્થાન કર્યું હતું. આ પદયાત્રા સંઘ સતત ૬ દિવસથી રાજસ્થાન રાજ્યમાં પ્રવેશી ભજન કિર્તન સાથે ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો ત્યારે શુક્રવારે સવારે પદયાત્રીઓ માટે ગોઝારી ઘટના ઘટી હતી. રાજસ્થાનના શીરોહી-પાલી મુખ્યમાર્ગ પર શીવગંજ નજીકથી પસાર થતા પદયાત્રાળુઓ પર રાજસ્થાનનો ટ્રક (ગાડી નં. આરજે૧૯જીસી-૩૯૪૩) મોતની સવારી બની બની ટ્રકનાચાલકે પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી રોડ પર ચાલી રહેલા પદયાત્રીઓ પર ચડાવી દેતા (સોલંકી પ્રકાશભાઈ મગનભાઈ (ઉં.વ. ૩૫) રહે. ગાબટ, તા. બાયડ, ધુળસીંહ બાબુસીંહ ચૌહાણ (ઉં.વ.૪૫) રહે. માલવણ કંપા, તા. તલોદનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તથા અન્ય એક પદયાત્રી સોલંકી સંદિપ બાબુભાઈ (ઉં.વ. ૩૨) રહે. રડોદરા, તા. બાયડ ઈજાગ્રસ્ત બનતાં તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અચાનક પદયાત્રીઓમાં અકસ્માતની ઘટનામાં ૨ પદયાત્રાળુઓના મોત નિપજતાં શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા શહેર અરવલ્લી જિલ્લા અને રામદેવપીરના ભક્તોમાં થતા શોકમગ્ન વાતાવરણ બની ગયું હતું.



(તસવીર : જય અમીન, મોડાસા)



## બાયડ નારાજીના મુવાડા ગામેથી ૩૦૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો

અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી. કે. પટેલ અને તેમની ટીમ દ્વારા કેટલાય સમયથી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાની સૂચના અનુસાર જિલ્લામાં દારૂના વેપારીઓ સામે લાલ આંખ કરી છે ત્યારે જિલ્લામાં દારૂનો વેપાર કરતા બુટલેગરો સામે લાલ આંખ કરી ટૂંકા સમયગાળામાં જ જિલ્લામાંથી કરોડો રૂપિયાનો દારૂ જિલ્લા એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડ્યો છે. ત્યારે બાયડ તાલુકાના નારાજીના મુવાડા ગામે આવેલા એક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ અને બીયરના ટીન મળી કુલ ૩૪૮ નંગ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે અને કુલ ૪૬૨૫૦ મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## શામળાજી પાસે કારમાંથી ૧.૯૨ લાખનો દારૂ ઝડપાયો

### ૧ બુટલેગરની ધરપકડ કરી પોલીસે ૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

શામળાજી, તા. ૧૧

ગુજરાત રાજ્યમાં દારૂબંધીના અમલનો ફાયદો ઉઠાવી આંતરરાજ્ય અને રાજ્યના બુટલેગરો વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપલો કરી નફો રળી લેવા સતત પ્રયત્નશીલ રહી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા પ્રયાસો કરતા હોય છે. શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતરરાજ્ય બુટલેગરો માટે ગુજરાત રાજ્યમાં વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને નશાકારક દ્રવ્યો અને કેફી પીણા ઘુસાડવા સૌથી સરળ અને સલામત માનવામાં આવતો હતો. ગાંધીનગર રેન્જ આઈજી હસમુખ પટેલે ચાર્જ સંભાળતાની સાથે જ બુટલેગરોમાં ફફડાટ ફેલાવાની સાથે વિદેશી દારૂને ગુજરાત રાજ્યમાં પ્રવેશતો અટકાવવા મહદ્અંશે સફળતા મળી છે. શામળાજી પોલીસે શામળાજી બસસ્ટેન્ડ નજીકથી સ્કોર્પીયો ગાડીમાંથી ૧.૯૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી એક આરોપીને ધરપકડ કરી અન્ય બે બુટલેગરો સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.




● અનુસંધાન પાના - ૭ પર

## મોડાસાના ડીપ વિસ્તારમાં ઈકો ફ્રેન્ડલી ગણેશની સ્થાપના થશે

મોડાસા, તા. ૧૧

ભાદરવા સુદ - ૪ને ગણેશ ચતુર્થી આડે ગણતરીના દિવસો બાકી હોઈ હાલ ઠેર ઠેર ગણેશ મહોત્સવની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ત્યારે ભક્તો પર્યાવરણને થતા નુકસાનને ધ્યાને લઈ વર્ષે પીઓપીને બદલે માટીના ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવા સંકલ્પબદ્ધ બન્યા છે. મોડાસાના પ્રસિદ્ધ મનોકામના સિદ્ધિ વિનાયક ટ્રસ્ટ દ્વારા પણ વિનાયકની ઈકો ફ્રેન્ડલી મૂર્તિની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો છે.

મોડાસાના મનોકામના સિદ્ધ વિનાયક ટ્રસ્ટ દ્વારા નગરના ડીપ વિસ્તારમાં ગણેશ મંદિરે ભવ્ય ગણેશોત્સવ ઉજવાશે. ગુજરાત પ્રદૂષણ બોર્ડની ગાઈડ લાઈન અને પર્યાવરણની સલામતી માટે વર્ષે મંદિર ટ્રસ્ટ દ્વારા ગણેશની માટીની મૂર્તિ સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો છે. ટ્રસ્ટના પ્રમુખ શિવુભાઈ રાવલના જણાવ્યા મુજબ અંદાજે સાડા ચાર ફૂટ ઊંચી ગજાનંદની માટીની મૂર્તિ આદિવાસી મહિલા કો.



ઓ. સોસાયટી અંબાજી ખાતે તૈયાર કરાઈ છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ કરતાં વધુ મોંઘી મૂર્તિની બનાવટમાં માટી અને નાળીયેરના છોતરાનો ઉપયોગ કરાયો છે.

નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલના જણાવ્યા મુજબ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આદેશ બાદ નગરના તમામ ગણેશ મહોત્સવોના આયોજકો સાથે બેઠક યોજી ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિની સ્થાપના કરવા અને બોર્ડની ગાઈડ લાઈન મુજબ મૂર્તિ વિસર્જીત કરવા જરૂરી સૂચનો આપવામાં આવનાર છે.

## મોડાસાની ઘાંચી હાઈસ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૧૧

મોડાસાની ઘાંચી શાળામાં વીમા સપ્તાહ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોડાસાની એમ.આર.ટી.સી. ઘાંચી હાઈસ્કૂલમાં વીમા સપ્તાહ અંતર્ગત આયોજીત વક્તૃત્વ સ્પર્ધામાં શાળાના ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વીમા નિષ્ણાંત દ્વારા ભારતીય જીવન વીમા નિગમનું મહત્વ શાળામા જીવન વિમાનું મહત્વ વગેરે બાબતે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ હાજી સિકંદરભાઈ સુથાર, સમીર પટેલ, આચાર્ય મીરજા તાહિરહુસેન, રીયાઝ બાયડીયા, ઈર્શાદહુસેન કાજી તથા ફરીદાબેન જેથરા અને શબાનાબેને જહેમત ઉઠાવી હતી.

## વડાલી માર્કેટ યાર્ડના ચેરમેન - વાઈસ ચેરમેનની ચૂંટણીમાં પુનરાવર્તન

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે આવેલ માર્કેટયાર્ડના ડિરેક્ટરો ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. ત્યારબાદ શુક્રવારે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવા માટે જિલ્લા રજીસ્ટ્રારની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જેમાં ગત ટર્મમાં ચૂંટાયેલ ચેરમેન અને વાઈસ ચેરમેનની ફરીથી સર્વાનુમતે ચૂંટી કાઢ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે વડાલી માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી માટે શુક્રવારે માર્કેટયાર્ડના સભાખંડમાં બેઠક બોલાવાઈ હતી. જેમાં ચૂંટાયેલા સભ્યોએ ચેરમેન તરીકે સાબર ડેરીના ડિરેક્ટર અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ વિરચંદભાઈ પટેલની વડાલી માર્કેટયાર્ડના ચેરમેન તરીકે ત્રીજીવાર પુનઃ પસંદગી કરી હતી. તે જ પ્રમાણે વાઈસ ચેરમેન તરીકે વિઠ્ઠલભાઈ કાનજીભાઈ પટેલની બિનહરીફ વરણી કરી હતી.

## મહેસાણામાં ઊંઝાવાળી થઈ : પાટીદાર મહિલાઓનું ટોળું સમારંભના સ્થળે પહોંચ્યું

મહેસાણા, તા. ૧૧

આજે મહેસાણા ખાતે કમળાબા હોલમાં જિલ્લા પંચાયત દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવાના સમારંભ



સ્થળ આગળ રાજ્યકક્ષાના ગૃહ પ્રધાનનો મહિલાઓના ટોળાએ થાળીઓ વગાડીને વિરોધ વ્યક્ત કરતાં ઊંઝા અને પાટણવાળી થઈ હતી.

મહેસાણા જિલ્લા પંચાયત પસંદગી સેવા સમિતિ દ્વારા ૧૩૭ જેટલા તલાટી કમ મંત્રી, ક્લાર્ક તેમજ આરોગ્ય વિભાગમાં પસંદગી પામેલા ૧૩૭ કર્મચારીઓને નિયુક્તિ પત્રો આપવાનો એક કાર્યક્રમ આસોપાલવ પાર્ટી પ્લોટ ખાતે રાખ્યો હતો. પરંતુ ઊંઝાવાળી થવાના ભયથી સ્થળ બદલીને શહેરના કમળાબા હોલમાં રખાયો હતો. બપોરના સમયે આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના ગૃહપ્રધાન રજનીભાઈ પટેલ સંસદીય સચિવ ભરતસિંહ ડાભી, સાંસદ જયશ્રીબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ઋષીકેશ પટેલ, ઊંઝાના ધારાસભ્ય નારાયણભાઈ પટેલ,જી.પં. પ્રમુખ જયંતિભાઈ પટેલ વગેરે નેતાઓ હાજર રહેવાના હોઈ આ સ્થળે અચાનક મહિલાઓનું ટોળુ આ સ્થળે ધસી આવ્યું હતું અને સરકાર તથા ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી થાળીઓ વગાડીને ભારે વિરોધ વ્યક્ત કર્યો હતો. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલ આ કાર્યક્રમ પુરો થયા બાદ રાજ્યના પ્રધાનો, સાંસદ, ધારાસભ્યો બહાર નીકળી ગયા હતા ત્યારે પણ મોઢેરા ચાર રસ્તા આગળ મહિલાઓના ટોળાએ થાળીઓ વગાડીને ઉગ્ર વિરોધ કરતાં હાઈવે પર વાહનવ્યવહારને અસર પહોંચી હતી. આમ ઊંઝા, પાટણના કાર્યક્રમોમાં ભાજપના નેતાઓનો વિરોધ થયા પછી મહેસાણામાં પણ ભારે વિરોધ થતાં માહોલ ગરમાયો હતો.

## ભારત સરકારના નીતિ આયોગની ટીમે બનાસકાંઠા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

પાલનપુર, તા. ૧૧

થોડાક સમય પહેલા બનાસકાંઠા જિલ્લામાં થયેલા ભારે વરસાદથી પૂર અસરગ્રસ્ત બનેલા વિસ્તારોની ભારત સરકારશ્રીના નીતિ આયોગની ટીમના ઉચ્ચ અધિકારીશ્રીઓએ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી અસરગ્રસ્ત લોકોને સાંભળી તેમની મુશ્કેલીઓ જાણી વિગતો મેળવી હતી.

ભારત સરકારશ્રીના નીતિ આયોગના એડિશનલ સેક્રેટરીશ્રી આલોકકુમારના નેતૃત્વમાં આવેલ આ ટીમે અતિવૃષ્ટિથી પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ટેટોડા, ધાનેરા તાલુકાના સરાલ, લાખણી તાલુકાના ધાણા, કુડા ગેળા અને ગણતા તથા થરાદ તાલુકાના નાગલા અને ડોડગામ વગેરેની મુલાકાત લીધી હતી. તેમણે પૂરથી નુકસાન થયેલ લોકોના ઘર અને ખેતરો, રસ્તા વગેરેની મુલાકાત લઈ ત્યાં વરસાદથી થયેલ નુકશાનનું જાત નિરીક્ષણ કર્યું હતું. ટીમના ઉચ્ચ અધિકારીશ્રીઓએ કલેક્ટરશ્રી દિલીપ રાણા તથા જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.

આ પ્રસંગે કલેક્ટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યું હતું કે રાજસ્થાનના માઉન્ટ આબુ અને બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પંથકમાં થયેલા ભારે વરસાદથી જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં ભારે પૂર આવ્યું હતું. આ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ તેમજ જનજીવન ઝડપથી પૂર્વવત કરવા લોકોના સાથ અને સહકારથી વહીવટીતંત્રએ યુદ્ધના ધોરણે કામ કર્યુ છે. પરિણામે મોટુ નુકસાન નિવારી શકાયું છે. ટીમની સાથે પૂર્વમંત્રી તથા ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી જોઈતાભાઈ પટેલ, પૂર્વમંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ સહીત અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તર ગુજરાતની ૫૦૦થી વધુ શાળાઓમાં બાયસેગ પદ્ધતિથી અભ્યાસ કરાવાશે

મોડાસા, તા. ૧૧

શિક્ષકોની અછતના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત ન રહે તે માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૫૫૦થી વધુ શાળાઓમાં બાયસેગ પદ્ધતિથી ટીવી પર બાળકોને તમામ વિષયોનો અભ્યાસ કરાવવામાં આવશે.

શાળાઓમાં શિક્ષણનું સ્તર ઉચું આવે અને શિક્ષકોની અછત ના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત ન રહે તે માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૫૫૦થી વધુ શાળાઓમાં બાયસેગ પદ્ધતિથી ટીવી પર બાળકોને તમામ વિષયોનો અભ્યાસ કરાવતા આ પદ્ધતિને સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે બાયસેગ દ્વારા બે ચેનલો મારફતે ટી.વી. પર શિક્ષણ આપવાનો નિર્ણય કરાયો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારની શાળાઓ પદ્ધતિથી છેલ્લા કેટલાય દિવસોથી ટી.વી.ના માધ્યમ દ્વારા દિવસમાં



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

ત્રણ વાર પુનઃપ્રસારણ સાથે વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવામાં આવી રહ્યું છે. આ પદ્ધતિ શિક્ષણ માટે ફાયદાકારક છે ત્યારે બાયસેગ દ્વારા ગુજરાતના તજજ્ઞ શિક્ષકો દ્વારા અભ્યાસ કરાવાઈ રહ્યો છે તે તમામ શાળાઓના શિક્ષકો માટે પણ શીખવાલાયક હોવાથી શિક્ષકોને પણ લાભ થઈ રહ્યો છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની શાળાઓમાં શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને બાયસેગ માટે પદ્ધતિ કારગર નીવડી રહી હોય તેમ જણાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સહિતના તમામ વિષયોનું આધુનિક ઢબે અધ્યયન કરાવતા વિદ્યાર્થી વર્ગની રૂચી વધી રહી છે.

## તલોદની ટ્રિનિટી સ્કૂલમાં શિક્ષક દિન ઉજવાયો

તલોદ, તા. ૧૧

તલોદ ગામે સ્થિત ટ્રિનિટી સ્કૂલ ખાતે તાજેતરમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક દિનમાં ઉમળકાભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ શિક્ષક-શિક્ષિકાની ભુમિકા ભજવીને સ્કૂલના માહોલને રંગીન બનાવી દીધુ હતુ. ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં ભવિષ્યમાં શિક્ષક બનવાની તત્પરતા દેખાતી હતી. સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણીને અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



## પાલનપુર ખાતે બેઠક યોજાઈ

ભારત સરકારશ્રીના નીતિ આયોગની ટીમના ઉચ્ચ અધિકારીશ્રીઓએ પાલનપુર ખાતે કલેક્ટરશ્રી દિલીપ રાણા સહિત જિલ્લાકક્ષાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને જાણકારી મેળવી હતી. બેઠકમાં કલેક્ટરશ્રી દિલીપ રાણાએ પ્રેઝન્ટેશન દ્વારા નુકસાનની વિગતો, રાહત અને બચાવની કામગીરી, અસરગ્રસ્તોને અપાયેલ સહાય વગેરે વિગતો જણાવી હતી. આ પ્રસંગે નીતિ આયોગની ટીમમાં આવેલ ઉચ્ચ અધિકારીશ્રીઓ સર્વશ્રી આલોકકુમાર એડિશનલ સેક્રેટરીશ્રી નીતિ આયોગ, શ્રી ડૉ. શરદ પંત ડાયરેક્ટર સ્ટેટ કોઓર્ડિનેશન, શ્રી ગોપાલ પ્રસાદ ડાયરેક્ટર, શ્રી પી.કે. શાક્ય, શ્રી એસ.કે. શર્મા મિનીસ્ટરીયલ જોઈન્ટ કમિશનર અને ડૉ. મોહમંદ તોકીર ખાન, કલેક્ટરશ્રી દિલીપ રાણા સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ૨૧ સપ્ટેમ્બરના રોજ તાલુકા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા. ૧૧

નિવાસી અધિક કલેક્ટરશ્રી બનાસકાંઠા દ્વારા જિલ્લાની જાહેર જનતાને જણાવાયુંછે કે માહે સપ્ટમ્બર-૨૦૧૫ના તાલુકા/જિલ્લા સ્વાગત કાર્યક્રમ તથા ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે. તાલુકા સ્વાગત કાર્યક્રમ સંબંધિત મામલતદાર કચેરીએ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટરશ્રીની કચેરી પાલનપુર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં તાલુકા/જિલ્લા સ્વાગતના પ્રશ્નો/ફરીયાદોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આથી જ અરજદારોના પ્રશ્નો/ફરિયાદો આ કાર્યક્રમમાં લેવામાં આવ્યા છે. તમામ અરજદારોને અલગ પત્રથી પણ જાણ કરવામાં આવી છે.



## મોડાસા પ્રાર્થના વિદ્યાલય સંકુલમાં નંદમહોત્સવ ઉજવાયો

મોડાસા શહેરની નજીક આવેલા મદાપુરકંપા પાસેના અત્યાધુનિક શૈક્ષણિક સંકુલ પ્રાર્થના વિદ્યાલયમાં આજે જન્માષ્ટમીના મહાપર્વની લઈને શુક્રવારના દિવસે નંદમહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પ્રાર્થના વિદ્યાલયના નર્સરી, જુનિયર કેજી, સીનીયર કેજી અને પ્રાથમિક વિભાગના ભુલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, વેશભુષા અને મટકીફોડનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાર્થના વિદ્યાલયના કર્તાહર્તા કનુભાઈ પટેલ (અરવલ્લી ચેમ્બર ઓફ કોમર્સ), જાયન્ટસ ગ્રુપ ઓફ ફેડરેશન થ્રીસીંના ઉપપ્રમુખ નિલેષભાઈ જોષી, નવનિતભાઈ પરીખ, જાયન્ટસ જગદીશ પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર નંદમહોત્સવના કાર્યક્રમનું અદ્ભૂત આયોજન પ્રાર્થના વિદ્યાલયના મહિલા શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યો હતો. (તસવીર : જય અમીન, મોડાસા)